# 8. છત્રી

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) દુકાનદારે સ્મિત કર્યું, મેં પણ સામું સ્મિત કર્યું, કારણ કે....

(A) લેખક છત્રી ખોઈને ફરી છત્રી લેવા આવ્યા હતા.

(B) દુકાનદાર લેખકને હસાવવા ઇચ્છતો હાતો.

(C) દુકાનદાર બધા સામે સ્મિત કર્યા કરતો હતો

(D) દુકાનદાર લેખકની ચતુરાઈ જોઈ હસતો હતો.

2) લેખક છત્રી લેવા રાજકોટ જવાની વાતમાં મક્કમ રહ્યા, કારણ કે....

(A) લેખક પાસે પૈસા ન હતા.

(B) લેખકને રાકકોટ જવું ગમતું હતું

(C) તે બીજાની પ્રામાણિકતાની કદર કરવા ઇચ્છતા હતા

(D) છત્રી હવે વેચાતી મળતી ન હતી.

2. નીચેના પ્રશ્નોનો એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) દુકાનદારે 'છત્રી' પાઠના લેખકને કઈ સલાહ આપી?

- દુકાનદારે 'છત્રી' પાઠના લેખકને છત્રી તેમની પાસે ટકે એવો ઉપાય શોધી કાઢવા સલાહ આપી.

2) પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે રાજાએ શું કર્યું?

- પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે રાજાએ આખા રાજ્યની ધરતીને ચામડાથી મઢી દેવાનો હુકમ કર્યો.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં કારણો આપો:

### 1) રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક મક્કમ રહ્યા, કારણ કે....

- અમદાવાદથી છેક રાજકોટ છત્રી લેવા જવામાં ઘણો ખર્ચો થાય તેમ હતો. સૌના મતે આટલા પૈસા ખર્ચીને ત્યાં જવું એ વ્યવહારુ નહિ, પણ મૂર્ખાઈભર્યું હતું. છતાં પણ રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક મક્કમ રહ્યા, કારણ કે તેમના મતે એ પૈસાનો પ્રશ્ન નહોતો. બીજાની છત્રી પરત કરવાની એ સજ્જનની ભાવના અને પ્રામાણિકતાની કદર કરવી જોઈએ, એવું તેઓ દૃઢપણે માનતા હતા.

### 2) રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખાઈભરી લાગતી હતી, કારણ કે...

- અમદાવાદથી છેક રાજકોટ જવા-આવવાના બસભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય. વળી, રિક્ષાભાડાં તેમજ ચા-પાણી-નાસ્તા વગેરેનો ખર્ચ ઉમેરીએ તો ત્રણસો-સાડા ત્રણસો રૂપિયા થઈ જાય. આથી અમદાવાદથી રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખામીભરી લાગતી હતી.

## 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો:

### 1) છત્રી ન ખોવાય એ માટે લેખકને કેવી કેવી સલાહો મળી હતી ?

- છત્રી ન ખોવાય એ માટે લેખકને આ સલાહો મળી હતી: (1) લેખકે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખવી. એ દોરી સાથે છત્રીને બાંધવી, છત્રી ખૂલી શકે એટલી મોટી દોરી રાખવી. વરસાદમાં ભીની થયેલી છત્રીથી શર્ટ ભીનું ન થાય એ માટે ઉપરના ભાગને ઓછાડ વીંટી રાખવો. (2) લેખકે છત્રી સાચવવા પોતાની સાથે ને સાથે ફરે એવો પગારદાર માણસ રાખવો. કેટલાક લોકો બહાર જવાનું હોય તેટલા વખત પૂરતો ડ્રાઈવર રાખે છે તેમ આવો બે-ત્રણ કલાક પૂરતો પગારદાર માણસ રાખી શકાય. (3) તેમણે ચતુર્માસ દરમિયાન ઘરે જ રહેવું, એકટાણાં કરવાં અને પ્રભુભજન કર્યા કરવું, જેથી છત્રી ખરીદવી જ ન પડે અને તો પછી છત્રી ખોવાવાનો પ્રશ્ન જ ના રહે ! (4) તેમણે છત્રી ઉપર પોતાનું નામ-સરનામું લખાવવું, જેથી કોઈને મળે તો પોસ્ટકાર્ડ લખીને તેમને જણાવી શકે.

### 2) અમદાવાદ-રાજકોટની મુસાફરી દરમિયાન ખોવાયેલી છત્રીની કથા પાઠના આધારે લખો.

- લેખક અમદાવાદ-રાજકોટની મુસાફરી દરમિયાન પોતાની છત્રી ભૂલી ગયા હતા, પણ ભૂલથી લેખકની છત્રી આવી ગયાનો એકરાર કરતો પત્ર રાજકોટથી આવ્યો ત્યારે જ તેમણે જાણ્યું કે તેઓ

છત્રી ભૂલી ગયા હતા. તેમાં પત્રલેખકે માફી માગી હતી અને એમની છત્રી લેખક પાસે ન આવી હોય તોપણ તેમની છત્રી લઈ જવા ઘટતું કરવા જણાવ્યું હતું. લેખકે પત્ર લખીને એ સજ્જનનો આભાર માન્યો અને તેની છત્રી પોતાની પાસે ન હોવાની દિલગીરી પણ વ્યક્ત કરી અને પોતાની છત્રી મેળવી લેવા ઘટતું કરવાનું વચન આપ્યું. હવે સવાલ એ હતો કે એક છત્રી લેવા છેક રાજકોટ સુધી જવું? એમાં રાજકોટ જવા-આવવાનાં બસભાડાં અને રિક્ષાભાડાં-ચા-પાણી-નાસ્તો વગેરેના મળીને ત્રણસો-સાડા ત્રણસો રૂપિયા થઈ જાય. આથી છેક રાજકોટ છત્રી લેવા જવું એ વ્યવહારુ નહિ, પણ મૂર્ખામીભર્યું કહેવાય એવો સૌને મત હતો. પરંતુ છત્રી પરત કરવાની પત્રલેખકની ભાવના અને તેની પ્રમાણિકતાની કદર કરવી જોઈએ એ વિચારથી લેખક મક્કમ રહ્યા. આથી તેઓ રાજકોટ ગયા, છત્રી મેળવી અને એ સજ્જનનો આભાર માન્યો. વળતી બસમાં અમદાવાદ પાછા આવ્યા, પણ અમદાવાદ ઊતરતી વખતે પોતાની આદત પ્રમાણે બસમાં છત્રી ભૂલી ગયા ! ઘરે ગયા પછી સૌએ પૂછ્યું ત્યારે જ તેમને યાદ આવ્યું. તેઓ તરત બસની ઑફિસે ગયા, પણ કોઈએ એમની છત્રી જમા કરવી નહોતી. આમ કરવા જતાં રિક્ષાભાડાના જવા-આવવાના બીજા એંશી રૂપિયા થયા.